**તાપમાન**
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૬૩ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૫૯ | ૧૯ ઓગસ્ટ, ૨૦૧૬, શુક્રવાર ; શ્રાવણ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# રિયો ઓલિમ્પિકમાં સાક્ષી મલિકને કાંશ્ય ચન્દ્રક

**સાક્ષી મલિકે ૫૮ કિલોગ્રામ ફ્રીસ્ટાઇલ કુશ્તીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો : ૧૨ વર્ષની સખત મહેનતનું પરિણામ મળ્યું છે : ખુશખુશાલ સાક્ષીની પ્રતિક્રિયા સાક્ષીએ કિર્ગિસ્તાનની કુશ્તીબાજ ટીનીવેકોવા પર ૮-૫થી જીત મેળવી લીધી**



રિયોડી જેનેરિયો,તા. ૧૮

ભારતની સાક્ષી મલિકે રિયો ઓલિમ્પિકમાં આખરે ઈતિહાસ સર્જવામાં સફળતા મેળવી લીધી છે. તે બારત તરફથી કુસ્તીમાં ચન્દ્ર જીતનાર પ્રથમ ભારતીય મહિલા કુસ્તીબાજ બની ગઈ છે. આની સાથેજ ભારતને રિયોમાં પ્રથમ ચન્દ્રક જીતાડી દેવામાં પણ તે સફળ રહી હતી. સીક્ષી માલિકે ૫૮ કિલોગ્રામ ફ્રી સ્ટાઈલ કુસ્તીમાં રેપશાજ મારફતે બ્રોન્જ મેડલ જીતી લેવામાં સફળતા મેળવી હતી. રેપશાજ મુકાબલામાં સાક્ષીએ કિર્ગિસ્તાનની કુસ્તીબાજ એસુનુ તિનિવેકોવા પર ૮-૫થી જીત મેળવીને ભારતને પ્રથમ ચન્દ્રક જીતાડી દેવામાં સફળતા મેળવી હતી. આની સાથે જ ભારતમાં કરોડો ચાહકોમાં ખુશીનુ મોજ ફરી વળ્યુ હતુ. જીત બાદ સાક્ષી ખુબ જ ખુશ નજરે પડી હતી. મિડિયા સાથે વાતચીતમાં સાક્ષીએ કહ્યુ હતુ કે તેને ૧૨ વર્ષની લાંબી મહેનતના પરિણામ મળ્યા છે. તેની ૧૨ વર્ષની મહેનત રંગ લાવી છે. સાક્ષીએ કહ્યુ હતુ કે જ્યારે તે ક્વાર્ટર ફાઈનલમાં હારી ગઈ હતી ત્યારે તેના કોચે કહ્યુ હતુ કે મેડલ જીતવાની તક હજુ રહેલી છે. સાક્ષીએ કહ્યુ હતુ કે કોચે તેના આત્મવિશ્વાસને વધારી દેવામાં ભૂમિકા ભજવી હતી. સાક્ષીએ કહ્યુ હતુ કે તે નક્કી કરી ચુકી હતી કે મેડલ જીતવાનુ છે. કોચે કહ્યુ હતુ કે જો તે છ મુકાબલામાં રમી જશે તો ચન્દ્રક મળી જશે. સાક્ષીએ કહ્યુ હતુ કે

● અનુસંધાન પાન-૭ પર

## સાક્ષીને ૨.૫ કરોડનું ઈનામ અને નોકરી આપવા જાહેરાત

ભારતની મહિલા કુશતીબાજ સાક્ષી મલિકે ૫૮ કિલોગ્રામ ફ્રીસ્ટાઈલ કુશતીમાં શાનદાર દેખાવ કરીને રિયો ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતવામાં સફળતા મેળવી છે. આ ઓલિમ્પિકમાં ભારતે પ્રથમ ચંદ્રક જીત્યો છે. ચંદ્રક જીત્યા બાદ એક બાજુ સાક્ષી ઉપર અભિનંદનનો વરસાદ જારી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સાક્ષીને શુભેચ્છા પાઠવી છે અને તેની સફળતાની પ્રશંસા કરી છે. બીજી બાજુ ઈનામોનો વરસાદ શરૂ થઈ ગયો છે. આ જીત બાદ હરિયાણા સરકારે સાક્ષીને ૨.૫ કરોડ રૂપિયા અને સરકારી નોકરી આપવાની જાહેરાત કરી છે. ભારત તરફથી અભૂતપૂર્વ દેખાવ કરનાર સાક્ષીની ચારેબાજુ પ્રશંસા થઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સાક્ષીને અભિનંદન આપ્યા હતા અને કહ્યું હતું કે, સાક્ષીએ તમામને પ્રેરણા આપી છે. રક્ષાબંધનના પ્રસંગે તિરંગા ધ્વજ માટે ભારતનું નામ કર્યું છે. દિનદયાળ ઉપાધ્યાય માર્ગ ખાતે એક કાર્યક્રમમાં નિવેદન કરતા આ મુજબની વાત કરી હતી.

## નવજોત સિદ્ધુ અને આપ વચ્ચે વાતચીત નિષ્ફળ

ચંદીગઢ, તા.૧૮

ક્રિકેટરમાંથી રાજકારણી બનેલા નવજોત સિદ્ધૂએ અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટીમાં સામેલ થવાનો હાલ પુરતો નિર્ણય મોકૂફ કરી દીધો છે.

એએપી અને સિદ્ધૂ વચ્ચે વાતચીત ફ્લોપ રહી છે. ૧૮મી જુલાઈના દિવસે ભાજપના નેતા તરીકે રાજ્યસભામાંથી રાજીનામુ આપી ચુકેલા સિદ્ધૂને ૧૨મી ઓગસ્ટના દિવસે વિધિવતરીતે એએપીમાં સામેલ કરવાની વાત હતી. ભાજપને છોડતા સિદ્ધૂએ આક્ષેપ કર્યો હતો કે, તેમને પંજાબથી દૂર રહેવા માટે કહેવામાં આવ્યું હતું પરંતુ કોઈપણ સંજોગો હેઠળ પંજાબને છોડવા તેઓ વિચારી શકે નહીં. રાજ્યસભામાંથી સિદ્ધૂના રાજીનામાથી ભાજપને મોટો ફટકો પડ્યો હતો. પંજાબમાં ભાજપ અને અકાળી દળ ગઠબંધન ધરાવે છે.

# ખીણમાં ૬૦થી વધુ ત્રાસવાદી ઘુસ્યા

**ખીણમાં વિસ્ફોટક પરિસ્થિતીનો લાભ લેવામાં ત્રાસવાદીઓ સફળ : ખીણમાં ઘુસી ગયેલા આતંકવાદીઓ તક મળતાની સાથે હુમલાઓને અંજામ આપી શકે છે : સુરક્ષા તંત્ર સામે નવા પડકારો : સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત**

શ્રીનગર,તા. ૧૮

કાશ્મીર ખીણમાં હાલમાં ઉભી થયેલી સ્થિતીનો લાભ લઈને ખીણમાં ૬૦થી વધારે ત્રાસવાદીઓ ઘુસણખોરી કરી ગયા હોવાના હેવાલ મળ્ય છે. જેથી જમ્મુ કાશ્મીરના જુદા જુદા ભાગોમાં હાલમાં મોટા ત્રાસવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. ઉત્તરીય કાશ્મીરના કુપવાડા અને ઉરી સેક્ટરમાં છુપાયેલા ત્રાસવાદી કેન્દ્રિય અને દક્ષિણી કાશ્મીરમાં ઘુસણખોરી કરવામાં સફળ રહ્યા છે. આ અંગેની માહિતી પોલીસ અને સેનાના અધિકારીઓએ પણ આપી છે. એક વરિષ્ઠ ગુપ્તચર અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે હથિયારો સાથે સજ્જ ત્રાસવાદીઓ ઘુસણખોરી કરી ગયા છે. આ ત્રાસવાદીઓ ખીણના એક વિસ્તારમાંથી

● અનુસંધાન પાન-૭ પર

# દેશ નિર્માણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીશું

**વિચારો સાથે અમે ક્યારે પણ બાંધછોડ કરીશું નહીં : દિનદયાળ ઉપાધ્યાય માર્ગ ઉપર પાર્ટીની નવી હેડ ઓફિસ માટે આધારશીલા મુકાઈ : કાર્યકરો મુખ્ય તાકાત : મોદી**

નવીદિલ્હી, તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સાફ શબ્દોમા કહ્યું હતું કે, અમારી વિચારધારા સાથે ક્યારેય કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં. ભાજપના નવા હેડક્વાર્ટર્સ માટે મોદીએ આધારશીલા મુકી હતી. દિનદયાળ ઉપાધ્યાય માર્ગ ઉપર નવી દિલ્હીમાં પાર્ટીના નવા હેડક્વાર્ટર્સ માટે આધારશીલા મુકવા સાથે સંબંધિત કાર્યક્રમમાં ભાજપના સભ્યોને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, બાંધછોડમાં અમે વિશ્વાસ કરતા નથી. કોઈપણ સફળતામાં સખત પરિશ્રમ હંમેશા મહત્વપૂર્ણ રહે છે. તેમની પાર્ટીએ અનેક ઉતારચઢાવ પાર્ટીની રચના કરવામાં આવ્યા બાદથી જોયા છે. પરંતુ કટિબદ્ધ કાર્યકરો અને સમર્પણ ભાવના સાથે અગાઉના નેતાઓની કામગીરીથી આજે ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે. ચૂંટણીમાં જીત હારની ચિંતા કર્યા વગર પાર્ટીના

● અનુસંધાન પાન-૭ પર





સાબરમતી જેલમાં રક્ષાબંધન - સાબરમતી જેલમાં સજા ભોગવી રહેલા કેદી ભાઈઓને તેમની બહેનો રક્ષા બાંધવા માટે વહેલી સવારથી જેલના દરવાજે પરવાનગી માટે ઉભી હતી... ભાઈ-બહેનના સ્નેહભીના સંબંધોનો આ અનોખો મુકામ હૃદયદ્રાવક બનાવે છે...





Ds chaudhari & family /
Pramukh group




**જોઈએ છે**

સેક્ટર-૩માં રહેતા વૃદ્ધ માજીની સારસંભાળ રાખી શકે તેવા, ૨૪ કલાક માટે બહેન જોઈએ છે. રહેવા - જમવાની સગવડ મળશે.

મો. નં. ૯૮૨૫૦ ૦૦૯૬૧
મો. નં. ૯૮૨૫૦ ૯૮૪૮૬
મો. નં. ૮૧૨૮૧ ૬૧૪૧૨

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧







